# મહેસાણા નજીક ગોજારા અકસ્માતમાં ખેરવા ઈજનેરી કોલેજના ૩ વિદ્યાર્થીઓના મોત : સાત ઘાયલ

મહેસાણા, તા. ૯

મહેસાણા જિલ્લામાં લાંઘણજથી સાબડીના માર્ગપર બોલેરો જીપકાર અને એસેન્ટકાર વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાતા ખેરવા ઈજનેરી કોલેજમાં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થીઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય સાત વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થઈ હતી.

વિગત એવી છે કે મહેસાણા નજીક ખેરવા ગામે એન્જીનિયરીંગ કોલેજમાં અભ્યાસ કરતા ચાર વિદ્યાર્થીઓ અમદાવાદથી એસેન્ટકાર નં. જીજે-૧-કે.ઈ.-૯૧૩૧માં બેસીને કોલેજ જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં લાંઘણજથી સાબડી જવાના માર્ગે જાનૈયા ભરીને આવતી બોલેરો જીપકાર નં. જીજે-૧-એચ.એન.-૪૭૨૮ના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારીને એસેન્ટકારને જોરદાર ટક્કર મારી હતી. જેથી કાર ફંગોળાઈ જતાં અંદર બેઠેલા ત્રણ વિદ્યાર્થીઓ શૈનલ બિપીનભાઈ પટેલ, અક્ષય રમેશભાઈ માંકડ (બંને સિવિલ એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓ તેમજ આકાશ સૌરીનભાઈ દોશી (મેકાટોનિક વિદ્યાશાખાના વિદ્યાર્થીના ઘટનાસ્થળ પર જ કરૂણ મોત નિપજ્યા હતા. તેમજ સ્મિત સુધીરભાઈ પટેલને ઈજાઓ થઈ હતી. આ અકસ્માતમાં બોલેરો જીપકારમાં મુસાફરી કરી રહેલા છ થી સાત દેવીપૂજક જ્ઞાતિના જાનૈયાઓને પણ વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થતાં તમામને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ગોજારા અકસ્માતથી મૃતક વિદ્યાર્થીઓના પરિવારજનોમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ હતી તેમજ ખેરવા એન્જી. કોલેજના સ્ટાફ અને છાત્રોમાં પણ ગમગીની ફેલાઈ હતી. આ બનાવ અંગે લાંઘણજ પોલીસે બોલેરો જીપકારના ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# ડીસામાં જીવલેણ રોગ ડેન્ગ્યુને નાથવા આરોગ્ય વિભાગે હાથ ધરી કામગીરી

ડીસા તાલુકામાં છેલ્લા એક સપ્તાહમાં મચ્છરજન્ય જીવલેણ રોગ ડેન્ગ્યુ ફેલાતા તેરથી વધુ દર્દીઓનો ના બ્લડ રીપોટમાં ડેન્ગ્યુ પોઝીટીવ આવતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગયેલ છે. અને આ મામલે જીલ્લા આરોગ્ય અધિકારી આચાર્ય દ્વારા તાકીદની મીટીંગ યોજી આ રોગને નાથવા યુધ્ધના ધોરણે પગલા લેવાઈ જીલ્લાના તમામ તાલુકા હેલ્થ ઓફીસરો અને મેડીકલ ઓફીસરોને યોગ્ય તાકીદ કરાયેલ છે. જેમાં આજરોજ ડીસા તાલુકા હેલ્થ ઓફીસર અને ટીમ દ્વારા શહેરી વિસ્તારમાં સર્વે હાથ ધરી અસરગ્રસ્ત જગ્યાઓએ દવાઓનું છંટકાવ કરી આરોગ્ય લક્ષી કામગીરી હાથ ધરવામાં આવી હતી. જ્યારે બીજી તરફ જીવલેણ ડેન્ગ્યુનો ભયજનક પગપસારો ડીસા પંથકમાં થતાં સમગ્ર તાલુકામાં ભયનું વાતાવરણ ફેલાયેલ છે.

જેની વિગતો જોઈએ તો ડીસા તાલુકાના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યુ તેર દર્દીઓ મળી આવ્યા હતા. શહેરની ખાનગી હોસ્પીટલમાં અંદરના દર્દી તરીકે સારવાર લઈ રહેલ આ તેર દર્દી પૈકીના છ દર્દી ડીસા શહેરી વિસ્તારના જ્યારે સાત દર્દીઓ આસપાસના હોવાનું બહાર આવતા ડીસા પંથકમાં ડેન્ગ્યુના પગ પેસારાને ડૉકટર રવી પટેલે અધિકૃત સમર્થન આપ્યુ હતુ. જે બાદ જીલ્લા આરોગ્ય અધિકારી એ.એસ.આચાર્ય દ્વારા તાકીદની બેઠક યોજી જીલ્લાના તમામ તાલુકા હેલ્થ ઓફીસરો તેમજ મેડીકલ ઓફીસરોને ડેન્ગ્યુને નાથવા યુધ્ધના ધોરણે કામગીરી કરવાની તાકીદ કરી હતી. આ મચ્છરજન્ય રોગનો ફેલાવો ન થાય અને આ રોગ તાત્કાલીક નિયંત્રીત થાય તે માટે જીલ્લા આરોગ્ય અધિકારીની મળેલ સુચના અન્વયે ડીસા તાલુકા હેલ્થ અધિકારી ડૉકટર મહેશ જીવરાણી અને ટીમે આજે શહેરી વિસ્તારમાં મચ્છરોથી અસરગ્રસ્ત જગ્યાઓએ દવાઓનો છંટકાવ કર્યો હતો. જ્યારે બીજી તરફ આ રોગ ડીસા તાલુકામાં ફેલાતા શહેરભરમાં તેનો ભય ફેલાયો હતો.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા શહેરમાં સફાઈ ઝુંબેશ શરૂ કરાઈ

પ્રાંતિજ, તા. ૯

પ્રાંતિજ નગરપાલિકા મારફતે દિવાળીના તહેવારોને અનુલક્ષીને સતત એક અઠવાડીયાથી રાત્રી સફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નગરના મુખ્ય બજારો, માર્ગો, મહોલ્લાઓ વગેરે વિસ્તારને સ્વચ્છ અને ચકચકીત કરવામાં આવશે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં નૂતન વર્ષને અનુલક્ષીને પ્રાંતિજનગર પાલિકાના પ્રમુખ ઉષાબેન બ્રહ્મભટ્ટ તથા મુખ્ય અધિકારી સંદિપ પટેલ અને અન્ય તમામ કોર્પોરેટરો દ્વારા સફાઈ કામદારોના સહયોગથી સમગ્ર પ્રાંતિજ શહેરમાં રાત્રિ દરમિયાન ખાડા પુરવા, દવાનો છંટકાવ કરવો, ઉકેડા સાફ કરવા, ખાબોચીયા દૂર કરવા, બિન ઉપયોગ ઘાસચારો સાફ કરવો વગેરે જેવી કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત નગરપાલિકાના નવા બિલ્ડીંગ તથા આંબેડકર શોપિંગ સેન્ટર સહિતની ઈમારતોને રોશનીથી શણગારવામાં આવશે.

# ડીસાના વાહરા ગામે નજીવી તકરારે પિતાની હત્યા કરી પુત્ર ફરાર

ડીસા તાલુકાના વાહરા ગામે બનેલ એક હિચકારા બનાવમાં પોતાના પિતા સાથે નજીવી તકરારમાં ઉગ્ર બનેલ પુત્રે પથ્થર મારી પિતાની ઘાતકી હત્યા કરી હતી. આ ઘાતકી હત્યા કર્યા બાદ હત્યારો પુત્ર ફરાર થઈ ગયો હતો. આ મામલે ભીલડી પોલીસે પુત્ર વિરુધ્ધ ખુનનો ગુનો દાખલ કરી ધોરણસર તપાસ હાથ ધરેલ છે.

જેની વિગતો જોઈએ તો ડીસા તાલુકાના વાહરા ગામે રહેતા ગણપતભાઈ શિવાજી ઠાકોર તેમના સંબંધી મેરૂજી ઠાકોર સાથે ગઈકાલે સાંજે તેમના ઘેર જમતા હતા. તે દરમિયાન નજીવી બાબતે પુત્ર ગણપત ઠાકોરે પોતાના પિતા શીવાજી રાધુજી ઠાકોર સાથે તકરાર કરી હતી. આ તકરાર ઉગ્ર બનતા પુત્ર ગણપતે પોતાના પિતા શીવાજી ઠાકોરના છાતીમાં તેમજ માથામાં પથ્થરોથી ઈજાઓ કરી હતી. આ ઈજાઓ શીવાજી ઠાકોર માટે જીવલેણ નિવડતા તેમનું ઘટના સ્થળે કરૂણ મોત થયુ છે. જે બાદ મૃતક શિવાજીના પરીવારજનો તેમની લાશને ડીસા સીવીલ ખાતે લાવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃતકનું પી.એમ. કર્યુ હતુ. આ મામલે ભીલડી પોલીસ મથકે ફરીયાદી ચેનજીજી ગજુજી ઠાકોર રહે. વાહરા તા. ડીસાવાળાઓએ હત્યામાં સંડોવાયેલ પુત્ર ગણપત ઠાકોર વિરુધ્ધ હત્યાનો ગુનો દાખલ કરતાં ભીલડી પી.એસ.આઈ. કે.પી. ગઢવી, દ્વારા ઘનિષ્ઠ તપાસ હાથ ધરાયેલ છે. જ્યારે પિતાની હત્યા કરી ફરાર થયેલા પુત્ર વિરુધ્ધ ચોતરફથી ફીટકાર વરસેલ છે.

# બાયડ તાલુકા પાણી પુરવઠા વિભાગના ઈજનેર ૫૦ હજારની લાંચ લેતા ઝડપાયા



બાયડ, તા.૯

સમગ્ર ગુજરાત રાજય માં હાલ ભ્રષ્ટાચારે માજા મુકી છે ત્યારે આજરોજ બાયડ તાલુકા પાણી પુરવઠા વિભાગના કાર્પાલક ઈજનેર કોન્ટ્રાકટર જોડેથી ૫૦૦૦૦ હજાર રૂપિયાની લાંચ લેતા લાંચ રૂશ્વત બ્યુરો ટીમના અધિકારી ઓ એ ગોઠવેલા છટકા માં આબાદ રીતે ઝડપાઈ જતા આજે આખા દિવસ દરમ્યાન સમગ્ર સાબરકાંઠા જીલ્લા માં આ મુદ્દો દિવસ દરમ્યાન ટોક ઓફ ધી ટાઉન રહયો હતો જયારે આ ઘટનાની વાયુવેગે જીલ્લા માં જાણ થતા કરપ્શન કરતાં કર્મચારીઓ માં ફફડાટ ની લાગણી ફેલાઈ ગઈ હતી

આ અંગ પ્રાપ્ત માહીતી અનુસાર બાયડ માં આવેલ સીંચાઈ વિભાગના પાણી પુરવઠા વિભાગના અધીક કાર્યપાલક ઈજનેર એન.ડી દવે એ હિમતનગર ના કોન્ટ્રાકર જોડે થી કેટલાક બીલો અટકેલા હોવાને કારણે બીલો પાસ કરાવવા માટે આ અધી કાર્યપાલક ઈજનેરે ૫૦૦૦૦ જેટલી મસ મોટી રકમની માંગણી કરતાં આ કોન્ટ્રાકટરે લાંભ રૂશ્વત બ્યંરો અધિકારી ની કચેરી માં ફરીયાદ કરી હતી જે ફરીયાદ ના આધારે એ.સી.બી પી.આઈ એમ.જે.સોલંકી એ ફરીયાદી ને સાથે રાખી ને આ ભ્રષ્ટ અધીકારી ને પચાસ હજાર રૂપીયાની લાંચ લેતા આબાદ ઝડપી પાડયા હતા જયારે હાલ સમગ્ર સાબરકાંઠા જીલ્લા માં પણ સરકારી કચેરીઓ માં આજ રીતના કેટલાય ભ્રષ્ટ અધિકારીઓ સાબરકાંઠા જીલ્લાની ભોળી પ્રજા ને લુટી રહયા છે ત્યારે આ અંગે એ.સી.બી. ની ટીમ દ્વારા ખાનગી વોચ રાખવવામાં આવેતો આવા કેટલાય ભ્રષ્ટ અધિકારીઓ આબાદ રીતે ઝડપાઈ શકે તેમ છે.

# સલાલમાં થયેલ હત્યાના કેસમાં બે ને આજીવન કેદની સજા

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામના દરબારવાસમાં ત્રણ વર્ષ અગાઉ બોલાચાલીમાં એક યુવાનની હત્યા થયેલ જેમાં નવ આરોપીઓ પૈકી બે ને આજીવન કેદની શુક્રવારના રોજ સજા ફરમાવી હતી. જ્યારે બાકીના વિગત મુજબ પ્રાંતિજ તાલુકાના સલાલ ગામે આવેલ દરબારવાસમાં તા. ૨-૧-૨૦૦૯ના રોજ કમલસિંહ જશવંતસિંહના પત્ની તથા તેમના કુટુંબી પ્રવીણસિંહ વજેસિંહ પરમારના પત્ની શારદાબેન તથા જગતસિંહ પુંજસિંહ પરમારના પત્ની અળખીબેન રસ્તા બાબતે બોલાચાલી થયેલી જે બાબતે સમાધાન થયેલ પરંતુ સાંજના ૬ વાગેના સુમારે કમલસિંહ જસવંતસિંહ પરમારના નાના ભાઈ રાજેન્દ્રસિંહ તેમના આંગણામાં ઉભા હતા તે સમયે આરોપી જયદીપસિંહ જગતસિંહ પરમાર આવેલા અને અગાઉ થયેલ બોલાચાલી બાબતે અદાવત રાખી રાજેન્દ્રસિંહને કહેવા લાગેલ કે તું દાદા થઈ ગેલ છે તું ઉભો રહે હું અમારા માણસોને બોલાવી લાવું છું ત્યારબાદ પ્રવીણસિંહ વજેસિંહ પરમારના હાથમાંનું ધારિયું, તેજેન્દ્રસિંહ જગતસિંહના હાથમાં તલવાર, ઈન્દ્રજીતસિંહના હાથમાં લોખંડની પટ્ટી, વિક્રમસિંહ બાલુસિંહના હાથમાં લાકડી સાથે વિજયસિંહ ઈશ્વરસિંહ, દીપકસિંહ બાલુસિંહ, ભુપેન્દ્રસિંહ પ્રતાપસિંહ અને જયદીપસિંહ જગતસિંહ બધા એકસંપ થઈ તેમનો ઈરાદો પાર પાડવા રાજેન્દ્રસિંહ ઉપર જીવલેણ હુમલો કરતા પ્રવીણસિંહ તેમના હાથમાંનું ધારિયું તેમજ તેજેન્દ્રસિંહના હાથમાંની તલવાર હતી જે બંનેએ રાજેન્દ્રસિંહના માથાના ભાગે મારી ગંભીર ઈજાઓ કરી હતી. જેથી રાજેન્દ્રસિંહ પડી ગયેલા અને બાકીના આરોપીઓએ લાકડી અને લોખંડની પટ્ટી તથા ગડદાપાટુનો માર મારી નાસી ગયેલ રાજેન્દ્રસિંહને થયેલ ગંભીર ઈજાઓને કારણે તાત્કાલિક હિંમતનગર સિવિલમાં સારવાર માટે ખસેડાયેલા જ્યાંથી વધુ ઈજાને કારણે સારવાર માટે અમદાવાદ સ્ટર્લિંગ હોસ્પિટલમાં લઈ ગયેલ જ્યાં સારવાર દરમિયાન તા. ૯-૧-૨૦૦૯ ના રોજ મૃત્યુ થયું હતું. આ અંગે પ્રાંતિજ પોલીસમથકે કમલસિંહ જસવંતસિંહ પરમાર ફરિયાદ નોંધાવેલ હતી. ઉપરોક્ત બનાવ અંગેનો કેસ શુક્રવારના રોજ હિંમતનગરમાં સાબરકાંઠા જિલ્લાના એડીશનલ ડીસ્ટ્રીક એન્ડ સેસન્સ જજ શ્રી પી.સે. જોશી સાહેબની કોર્ટમાં ચાલી ગયો હતો. જેમાં સરકારી વકીલ વસંતભાઈ વી. મહેતાની ધારદાર દલીલો અને પુરાવાને કોર્ટે ધ્યાને રાકી પ્રવીણસિંહ વજેસિંહ પરમાર અને તેજેન્દ્રસિંહ જગતસિંહ પરમારને તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા તેમજ ૧૦ હજારનો દંડ ભરવાનો હૂકમ કર્યો હતો.

# ધાનેરા-સાંચોર માર્ગ પર સર્જાયેલા અકસ્માતમાં એકનું મોત : ચાર ઘાયલ

ડીસા, તા. ૯

ધાનેરા-સાંચોર રોડ ઉપર લવારા ગામની સીમમાં બોલેરો અને સ્કોર્પીયો જીપ સામ સામે ટકરાતાં સર્જાયેલા અકસ્માતમાં એક વ્યક્તિનું સારવાર દરમ્યાન મોત થયું હતું. જ્યારે ચાર વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થતાં, ધાનેરા ખાતે પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે આગળ ખસેડાયા હતા.



ગત તા. ૮-૧૧-૨૦૧૨ની રાત્રીએ થયેલા આ અકસ્માતની જાણવા મળતી વિગતો પ્રમાણે સાંચોર તરફથી આવતી બોલેરો ગાડી અને ધાનેરા તરફથી આવતી સ્કોર્પીયો ગાડી લવારા ગામ પાસે ધડાકાભેર સામ-સામી ટકરાતા ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેથી બોલેરો ગાડીમાં બેઠેલા ત્રણ વ્યક્તિઓ જ્યારે સ્કોર્પીયો ગાડીમાં બેઠેલા બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થઈ હતી. બાદમાં આ રોડ ઉપરથી આવતા-જતા વાહનચાલકોને અકસ્માતની જાણ થતાં ધાનેરા ૧૦૮ ઈમરજન્સી વાહનને જાણ કરાઈ હતી. જેથી ૧૦૮ના પાયલોટ રૂચી પટેલ અને ઈ.એમ.ટી. ભગવાનભાઈ દેસાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અને તમામ પાંચ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ધાનેરા રેફરલ ખાતે લવાયા હતા. જ્યાં ફરજ ઉપરના તબીબ ડૉ. ગુપ્તા તથા ડૉ. પરમારે સારવાર હાથ ધરી હતી. જેમાં એક વ્યક્તિને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હોવાથી તેનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. જ્યારે ચાર વ્યક્તિઓની ઈજાઓ ગંભીર જણાતા તેઓને વધુ સારવાર અર્થે આગળ રેફરલ કરવામાં આવ્યા હતા. મળતી માહિતી પ્રમાણે ઈજાગ્રસ્તોમાં તુરી પાંચાભાઈ માંનાભાઈ ઉં.વ. ૪૦, પટેલ રાવતાભાઈ ખેમસીભાઈ ઉં.વ. ૪૦, પ્રજાપતિ જેઠાભાઈ ડ્રાઈવર ઉં.વ. ૩૫ તમામ રહેવાસી ધાનેરા, મહેશ્વરી સરીતાબેન ચંદ્રપ્રકાશ ઉં.વ. ૩૮, મહેશ્વરી ચંદ્રપ્રકાશ ઉં.વ. ૪૫ બન્ને રહેવાસી બાડમેર રાજસ્થાન વાળાનો સમાવેશ થાય છે. જેમાંથી મહેશ્વરી ચંદ્રપ્રકાશ રહે. બાડમેર વાળાનું સારવાર દરમ્યાન મોત થયું હતું.

અત્રે નોંધનીય છે કે મૃતક ચંદ્રપ્રકાશ મહેશ્વરી પોતાની પત્નિ સાથે સ્કોર્પીયો ગાડીમાં પોતાના વતન બાડમેર જઈ રહ્યા હતા. જ્યાં તેઓને લવારા ગામની સીમમાં અકસ્માત નડતાં રસ્તામાં જ મોત થયું હતું. જ્યારે તેઓની પત્નિ સરિતાબેનને ગંભીર ઈજાઓ થઈ હતી. બોલેરો ગાડીમાં બેઠેલા ત્રણેય વ્યક્તિઓ ધાનેરાના હતા. અને સાંચોર તરફથી ધાનેરા તરફ આવતા હતા. જો કે આ અકસ્માત કોની ભુલથી અને કયા કારણોસર થયો તે અંગેની કોઈ માહિતી મળતી નથી. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ આદરી હોવાનું જાણવા મળે છે.

## દારૂના કેસમાં સંડોવાયેલા બેની પાસા હેઠળ અટકાયત

હિંમતનગર, તા.૯

સાબરકાંઠા જિલ્લામાં દારૂના કેસમાં સંડોવાયેલ બે ઈસમોને સાબરકાંઠા જિલ્લા એલ.સી.બી. પોલીસે પાસા હેઠળ અટકાયત કરી અમદાવાદ મધ્યસ્થ જેલ મોકલી આપી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે રહેતો રમેશ સાવધાનભાઈ નટ અને વિજયનગર તાલુકાના ટોકરા વસાહત ખાતે રહેતો રોહીત સાગરદાન ગઢવીની પાસા હેઠળ અટકાયત કરવાનો હુકમ થતા જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાએ બંને શખ્સોની અટકાયત કરવા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. ડી.પી. ચુડાસમાને સુચના આપતા એલ.સી.બી.ના સ્ટાફે અટકાયત કરી અમદાવાદ મધ્યસ્થ જેલમાં મોકલી અપાયા હતા.

# નવી બેચરાજી વિધાનસભા બેઠકના ઉમેદવાર માટે બંને પક્ષોમાં કાઉન્ટ-ડાઉન શરૂ

ચાણસ્મા, તા.૯

નવા સીમાંકનના ચાણસ્મા વિધાનસભાનું વિભાજન કરી તેમજ જોટાણા બેઠક રદ કરી નવી બેચરાજી વિધાનસભા બેઠક બનાવવામાં આવી છે. જેની આગામી ડિસેમ્બરમાં સૌ પ્રથમવાર ચૂંટણી યોજાવાની હોઈ ટિકીટ મેળવવા સ્થાનિક દાવેદારો રાજકીય લોબિંગમાં પડયા છે. ભાજપ અને કોંગ્રેસ પક્ષમાં બે થી વધુ દાવેદારો હોઈ બંને પક્ષ મજબુત ઉમેદવારોને મેદાનમાં ઉતારવા તમામ પાસાઓનો અભ્યાસ કરી રહ્યા છે તો ગુજરાત પરિવર્તન પાર્ટીએ ભાજપ છોડી જીપીપીમાં જોડાયેલા આગેવાનને ઉમેદવાર તરીકે જાહેર કરી દેતા હવે બેચરાજી બેઠક પર ત્રિપાંખિયો જંગ નિશ્ચિત બન્યો છે.

મળતી માહિતી મુજબ નવરચિત બેચરાજી વિધાનસભામાં બેચરાજી તાલુકાના ૫૪ તેમજ મહેસાણા તાલુકાના ૭૨ ગામોનો સમાવેશ કરાયો છે. બેઠકમાં કુલ ૨,૦૨,૧૫૩ મતદારો પૈકી ૧,૦૪,૮૧૫ પુરુષ અને ૯૭,૩૨૮ સ્ત્રી મતદારો છે. આ બેઠકમાં સૌથી વધારે મતદારો પાટીદાર, ઠાકોર, દરબાર, રબારી તેમજ અનુ. જાતિના છે. જેને લઈ રાજકીય પાર્ટીઓ દ્વારા આ જ્ઞાતિ સમીકરણોને ધ્યાનમાં લઈ ઉમેદવારોની પસંદગી પર કળશ ઢોળવામાં આવશે તે નક્કી છે. આ સંજોગોમાં અત્યારે ભાજપમાં ચાણસ્માના ધારાસભ્ય રજનીભાઈ પટેલ, આ વિસ્તારના યુવા અગ્રણી કિરીટભાઈ પટેલ (દેવગઢ) તેમજ જુગલજી ઠાકોરના નામ મોખરે છે. રાજકીય સૂત્રોના કહેવા મુજબ રજનીભાઈને ચાણસ્મા બેઠક પરથી ચૂંટણી લડાવાય તો પાટીદાર ઉમેદવાર તરીકે કિરીટભાઈ દેવગઢને ભાજપ ચૂંટણી મેદાનમાં ઉતાશે તે નક્કી છે. જેઓ સૌથી મોટી વોટ બેંક ધરાવતા ૭૨ સમાજની યુવા પાંખના પ્રમુખ છે. જયારે બેચરાજી અને મહેસાણા-જોટાણા વિસ્તારમાં ધાર્મિક સામાજિક અને શૈક્ષણિક સેવા કાર્યોમાં તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. તાજેતરમાં મોદીપુરમાં યોજાયેલ પાટીદાર સમાજના સંમેલનમાં પણ તેમને ખુલ્લું સમર્થન જાહેર કરવામાં આવ્યું હતું. ક્ષત્રિય ઠાકોર સમાજમાં જુગલજી ઠાકોરનું નામ આગળ આવી રહ્યું છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન